©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LX] MONDAY, 01st JULY, 2019/ASHADHA 10, 1941 [No. 48**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**


## અધિસુચન

*ધી ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ-૨૦૦૯ની કલમ-૧૫ અને ૧૭*
*ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧)*
*ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮ અને ૧૯*

જી.પી.સી.પી.એસ.આઇ.આર.ડી.એ. / ગાંધીનગર

(ગુજરાત પેટ્રોલિયમ, કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમીકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર)

*ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં.૬/૨ (સાયખા, ભેરસમ, વિલાયત) ની સુચિત દરખાસ્તની જાહેર પ્રસિધ્ધિ*

નં.મુ.ન.ર.યો.નં.-૬/૨ (સાયખા, ભેરસમ, વિલાયત)/ક્ર.૪૨(૧)/૨૦૧૯/૨૩૬.-જી.પી.સી.પી. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી માટે ધી ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ-૨૦૦૯ની કલમ-૧૫(૩) (iii) અને ૧૭, ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯ના રૂલ-૧૮ અને ૧૯ ની જોગવાઈઓ અન્વયે ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૬/૨ ની સુચિત દરખાસ્તો અન્વયે યોજનામાં સમાવિષ્ટ જમીનના જમીન માલિકો અને હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓના વાંધા, સુચનો અને રજુઆતો લેખિતમાં મેળવવા માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદર ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં.૬/૨ નું ક્ષેત્રફળ ૧૪.૫૫ ચો.કિ.મી. (૧૪૫૫.૦૦ હેક્ટર) છે. જેમાં સાયખા, ભેરસમ અને વિલાયત ગામની જમીનનો સમાવેશ થાય છે.

એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં.૬/૨ બનાવવા માટે ચીફ ટાઉન પ્લાનરશ્રી, જીઆઈડીબીના તા. ૦૨-૦૫-૨૦૧૬ ના પત્રથી વિચાર-વિનિમય કરીને પરામર્શ મેળવેલ છે. એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૬/૨ બનાવવાનો ઈરાદો જી.પી.સી.પી. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની તા. ૦૩-૦૭-૨૦૧૮ ના પરિપત્રિત ઠરાવ ૧૬/૧ થી જાહેર કરેલ છે.

એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને રૂલ્સ-૧૯૭૯ ના રૂલ-૧૬(૧) ની જોગવાઈ હેઠળ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૬/૨ બનાવવાના ઈરાદાની જાહેરાત તા. ૨૪-૦૭-૨૦૧૮ ના અસાધારણ રાજ્યપત્ર ભાગ-૨ ના વોલ્યુમ નં. ૪, અંક ૫૨ ના પાના

નં. ૧૪૫-૧૪૬ ઉપર તેમજ જી.પી.સી.પી. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં ગુજરાતી વર્તમાનપત્રો (૧) દિવ્ય ભાસ્કર (૨) સંદેશ અને (૩) ગુજરાત સમાચારમાં તા. ૨૯-૦૭-૨૦૧૮ ના રોજ જાહેર બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

રૂલ્સ-૧૯૭૯ ના રૂલ નં.૧૭ની જોગવાઈ હેઠળ સદર સ્કીમ વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬/૨ ની કામચલાઉ દરખાસ્તની સમજણ આપવા જમીન માલિકો/હિત ધરાવતી વ્યક્તિઓની સભા તા. ૨૦-૧૨-૨૦૧૮ ના રોજ યોજવામાં આવેલ.

જી.પી.સી.પી. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં ઉપલબ્ધ અને મેળવેલ લેખિત રજુઆતોના અનુસંધાને સત્તામંડળ દ્વારા જુદા-જુદા નકશાઓ, પત્રકો (એફ-ફોર્મ, જી-ફોર્મ, વિ.) સામાન્ય બાંધકામ નિયંત્રણ નિયમો, વિસ્તૃત અહેવાલ અને અન્ય જરૂરી તમામ સાહિત્ય તૈયાર કરાયેલ છે. જે જી.પી.સી.પી. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની મુખ્ય કચેરી ગાંધીનગર અને પેટા કચેરી દહેજ મુકામે નીચેના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે તથા સમજાવવાની જરૂરી વ્યવસ્થા કરાયેલી છે. તેમજ નકશાઓ, અધિસુચનની નકલ અને જરૂરી વિગતો જી.પી. સી.પી.એસ.આઇ.આર.ડી.એ.ની વેબસાઇટ www.gujaratpcpir.org ઉપર મુકવામાં આવેલ છે.

આ જાહેર નોટીસ/અધિસૂચન અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિની તારીખથી ૧ (એક) માસની અંદર આ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૬/૨ ના મુસદાથી અસર પામેલા વ્યક્તિઓ આવી યોજના અંગેના કોઈ વાંધા, સુચનો અને રજુઆતો લેખીતમાં જરૂરી આધાર-પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામે લખી જણાવશે તો જી.પી.સી.પી. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૭ અને નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮(૨) હેઠળ ગુણદોષના આધારે વિચારણામાં લેશે અને યોજનાના મુસદામાં યોગ્ય તે ફેરફાર કરી આખરી મુસદો તૈયાર કરી એપેક્ષ ઓથોરીટી (જીઆઈડીબી) ને એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) તથા એક્ટ-૨૦૦૯ ની કલમ-૧૭ હેઠળ મંજુરી અર્થે સાદર કરવામાં આવશે. જેની લાગતા-વળગતા સૌએ નોંધ લેવા વિનંતી.

**મુખ્ય કચેરી ગાંધીનગરનું સરનામું :**

ગુજરાત પેટ્રોલિયમ, કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ
ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર,
બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧,
ગાંધીનગર-૩૮૨૦૧૭. ફોન : ૦૭૯-૨૩૨ ૪૧૦૧૮, ફેક્સ : ૦૭૯-૨૩૨ ૪૧૦૧૯

**પેટા કચેરી દહેજ :**

જી.પી.સી.પી.એસ.આઇ.આર.ડી.એ., જી.આઈ.ડી.સી. ઓફીસ બિલ્ડીગ,
પ્લોટ નં.-ડી-૨, Ch-૪૮/પાર્ટ, અદામા કમ્પની ની સામે, દહેજ જી.આઇ.ડી.સી. એસ્ટેટ,
દહેજ-૩૯૨૧૩૦. તા.વાગરા, જી.ભરૂચ.

**(સહી) અવાચ્ય,**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.